## નવસારી-જલાલપોર તા.પં.માં ફરી ભાજપનું શાસન શરૂ

**પ્રમુખથી** દંડક સુધી પદાધિકારીઓની વરણી પૂર્ણ, નવી ટીમ પર વિકાસની મોટી જવાબદારી

નવસારી : નવસારી અને જલાલપોર તાલુકા પંચાયતમાં નવી ટર્મ માટે પદાધિકારીઓની વરણી પૂર્ણ થતાં સ્થાનિક રાજકારણમાં ફરી એકવાર ભાજપનો દબદબો સ્પષ્ટ જોવા મળ્યો છે. પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી ચેરમેન, શાસક પક્ષના નેતા અને દંડક સહિતના મહત્વના હોદ્દાઓ પર ભાજપ સમર્થિત આગેવાનોની નિમણૂક થતાં સંગઠન વધુ મજબૂત બન્યું હોવાનું માનવામાં આવી રહ્યું છે.

નવસારી તાલુકા પંચાયતમાં નયનભાઈ દીપકલાલ પટેલ પ્રમુખ તરીકે સત્તાસીન બન્યા છે, જ્યારે ઉપપ્રમુખ પદે સ્નેહલકુમાર નારણભાઈ પટેલની પસંદગી થઈ છે. કારોબારી ચેરમેન તરીકે દર્શનાબેન દિનેશચંદ્ર પટેલને જવાબદારી સોંપવામાં આવી છે. શાસક પક્ષના નેતા તરીકે રાજેશકુમાર મગનલાલ પટેલ અને દંડક તરીકે ધર્મેશભાઈ છનાભાઈ હળપતિની વરણી કરવામાં આવી છે.

જલાલપોર તાલુકા પંચાયતમાં કેયુરભાઈ છીતુભાઈ પટેલ પ્રમુખ બન્યા છે. ઉપપ્રમુખ તરીકે વિપુલભાઈ છીમાભાઈ પટેલની પસંદગી કરવામાં આવી છે. કારોબારી ચેરમેન તરીકે હીરેનકુમાર વસંતલાલ પટેલને જવાબદારી સોંપાઈ છે, જ્યારે શાસક પક્ષના નેતા તરીકે ભારતીબેન નિલેશકુમાર પટેલ અને દંડક તરીકે વિલોકસિંહ રણજીતસિંહ વાંસિયાની વરણી કરવામાં આવી છે.

નવી ટીમ સામે હવે ગ્રામ્ય વિસ્તારોમાં રસ્તા, પાણી, ગટર, આરોગ્ય અને વિકાસલક્ષી કામોને ગતિ આપવાનો મોટો પડકાર રહેશે. સ્થાનિક સ્તરે લોકો હવે નવી ટીમ વિકાસના મુદ્દાઓ પર કેટલું અસરકારક કામ કરે છે તેના પર નજર રાખી રહ્યા છે.

## ચીખલીમાં નવી ટીમને ડમ્પિંગ સાઈટ ડેવલપના પડકારો

**ચીખલીમાં** તા.પં. માં રશ્મિકાબેન પ્રમુખ અને તેજસ પટેલ ઉપપ્રમુખ પદે બિનહરીફ

ધેજ : ચીખલી તાલુકા પંચાયતના પ્રમુખપદે રશ્મિકા પટેલ અને ઉપપ્રમુખપદે તેજસ પટેલ બિનહરીફ ચૂંટાઈ આવતા વાજતે ગાજતે પદભાર સંભાળી લીધો હતો. નવ નિર્વાચિત પદાધિકારીઓ માટે તાલુકા પંચાયતની મિલકતના ટાઇટલ ક્લીયર કરી આવકનો સ્ત્રોત ઉભા કરવા, ડમ્પિંગ સાઇટ ડેવલોપ કરવા સહિતના અનેક પડકારો રહેશે.

ચીખલી તાલુકા પંચાયતમાં આજે પ્રાંત અધિકારીની ઉપસ્થિતિમાં પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી યોજાતા એક જ ઉમેદવારી પત્રક હોય પ્રમુખ પદે ચિતાલીના રશ્મિકાબેન જગદીશભાઈ પટેલ અને ઉપપ્રમુખપદે તેજલાવના તેજસ પ્રવિણભાઇ પટેલ બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા. આ નવ નિર્વાચિત પદાધિકારીઓએ વિધિવત પદભાર સંભાળી લેતા કેબિનેટ મંત્રી નરેશભાઈ ઉપરાંત સમીરભાઈ, દીસિબેન અંકુરભાઈ, અનુમતિબેન દંડક ગૌતમભાઈ હળપતિ શાસક પક્ષના નેતા પન્નાબેન સહિતના તાલુકા પંચાયતના સભ્યો ઉપરાંત ડો અમિતાબેન, વાસંતીબેન, રમીલાબેન, કૌશિકભાઇ સહિતના જિલ્લા પંચાયતના સભ્યો દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. ચીખલી તાલુકા પંચાયત હસ્તકની સમરોલી, ચીખલી, થાલામાં આવેલી જમીનના ટાઈટલ ક્લિયર કરી તાલુકા પંચાયતનો આવકનો સ્ત્રોત ઊભો કરી સ્થાનિક સ્વરાજની આ સંસ્થાને આર્થિક રીતે મજબૂત કરવા માટે અને ડમ્પિંગ સાઇટ વિકસાવવા સહિતના પડકારો નવી ટીમ માટે રહેશે. નોંધનીય છે કે આ પૂર્વેના શાસકો દ્વારા આ માટે પ્રયત્નો કર્યા હતા પરંતુ અધિકારીઓની નિરસતાને પગલે સફળતા મળી ન હતી.

## ડાંગ જિલ્લા પંચાયતમાં બહુમતીએ ભાજપને શાસન મળ્યું!

**પ્રમુખ** તરીકે રાજેશ ગામીત અને ઉપપ્રમુખ તરીકે ઉષા પટેલની બહુમતિથી વરણી

સાપુતારા : ડાંગ જિલ્લા પંચાયતમાં સ્પષ્ટ બહુમતી પ્રાપ્ત કર્યા બાદ પ્રમુખ અને ઉપપ્રમુખ પદ માટે યોજાયેલી ચૂંટણીમાં ભાજપાના ઉમેદવારોની બહુમતીથી વરણી કરવામાં આવી હતી. જિલ્લા પંચાયતની કુલ 18 બેઠકોમાંથી ભાજપાએ 12 બેઠકો પર ભવ્ય જીત મેળવી સત્તા પર મજબૂત દબદબો જાળવી રાખ્યો છે, જ્યારે કોંગ્રેસને 6 બેઠકોથી સંતોષ માનવો પડ્યો હતો. ગુજરાત પ્રદેશ ભાજપા દ્વારા પ્રમુખ પદ માટે રાજેશ ગામીત તથા ઉપપ્રમુખ પદ માટે ઉષાબેન પટેલને સત્તાવાર મેન્ડેટ આપવામાં આવ્યુ હતુ. આજરોજ ડાંગ જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા કલેક્ટર એન.ડી. પરમાર અને જિલ્લા વિકાસ અધિકારી કે.એસ. વસાવાની અધ્યક્ષતામાં પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરાઈ હતી. ડાંગ જિલ્લા પંચાયતમાં પ્રમુખ પદ માટે ભાજપાના કડમાળ બેઠકના ઉમેદવાર રાજેશ ગામીતને કુલ 12 મત પ્રાપ્ત થયા હતા, જ્યારે કોંગ્રેસના હરીફ ઉમેદવાર સ્નેહલ ઠાકરેને 6 મત મળ્યા હતા. પરિણામે રાજેશ ગામીત બહુમતીથી ડાંગ જિલ્લા પંચાયતના નવા પ્રમુખ તરીકે ચૂંટાયા હતા. તે જ રીતે ઉપપ્રમુખ પદ માટે વઘઇ બેઠકના ભાજપાના ઉમેદવાર ઉષાબેન પટેલને 12 મત મળ્યા હતા, જ્યારે કોંગ્રેસના ઉમેદવાર મંગળ ગાવીતને 6 મત મળતા ઉષાબેન પટેલ બહુમતીથી ઉપપ્રમુખ તરીકે ચૂંટાયા હતા. ચૂંટણી પરિણામ જાહેર થતા જ ભાજપા કાર્યકર્તાઓમાં આનંદની લાગણી છવાઈ ગઈ હતી. જિલ્લા પંચાયત કચેરી ખાતે ભાજપાનાં પાર્ટી પ્રમુખ કિશોર ગાવીત અને આગેવાનો તથા કાર્યકર્તાઓએ ફૂલહાર પહેરાવી તેમજ મીઠાઈ ખવડાવી જીતની ઉજવણી કરી હતી.

### ગણદેવી તા.પં.ના પ્રમુખ, ઉપપ્રમુખે પદભાર સંભાળ્યો

બીલીમોરા : સ્થાનિક સ્વરાજ્યની તાલુકા પંચાયત ચૂંટણીના પરિણામોને ત્રણ સપ્તાહ પૂર્ણ થયા બાદ શનિવાર બપોરે સામાન્ય સભાઓ યોજાઈ હતી. જેમાં પ્રથમ અઢી વર્ષની ટર્મ માટે તાલુકા પંચાયતોના પ્રમુખ અને ઉપપ્રમુખની સત્તાવાર વરણી કરાઈ હતી.

ગણદેવી તાલુકા પંચાયતમાં અધ્યાસી અધિકારી તરીકે જિલ્લા હિસાબી અધિકારી મનીષ પટેલ, ટીડીઓ ચેતન દેસાઈની ઉપસ્થિતિમાં સામાન્ય સભા મળી હતી. પ્રમુખ અને ઉપપ્રમુખ માટે ૧-૧ દાવેદારી સામે આવી હતી. જેને પગલે નિયમોનુસાર તેઓને બિનહરીફ સર્વાનુમતે વિજેતા જાહેર કરાયા હતા. જેમાં ગણદેવી તા.પંચાયત પ્રમુખપદે પુષ્પાબેન સુરેશભાઈ પટેલ (આંતલીયા), ઉપપ્રમુખપદે મહેશભાઈ ખાપાભાઈ હળપતિ (મોરલી) ને શુભેચ્છાઓ પાઠવવા મોટી સંખ્યામાં અગ્રણીઓ અને પ્રશંસકો ઉમટી પડ્યા હતા. ગણદેવી ધારાસભ્ય અને કેબીનેટ મંત્રી નરેશ પટેલે શુભેચ્છાઓ પાઠવી હતી.

### વાંસદા તાલુકા પંચાયત પ્રમુખ સહિતના હોદ્દેદારોની વરણી

વાંસદા: વાંસદા તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની યોજાયેલી સામાન્ય ચૂંટણીમાં ભાજપનો વિજય થતાં તા. ૨૩/૫/૨૦૨૬ ના રોજ વાંસદા તાલુકા પંચાયતની વરણી કરવા આવી હતી. જેમાં પ્રમુખ તરીકે કૌશિકભાઈ માધુભાઈ પટેલ, ઉપ.પ્રમુખ અજયકુમાર નગીનભાઈ ગામીત, કારોબારી અધ્યક્ષ પ્રશાંતભાઈ સુરેશભાઈ પટેલ, શાસક પક્ષના નેતા બીપીનભાઈ ગુલાબભાઈ પટેલ અને દંડક તરીકે મીનાક્ષીબેન વિક્રમભાઈને જાહેર કરાયા હતા. આ પ્રસંગે ઉપસ્થિત વાંસદા ભાજપ સંગઠનના હોદ્દેદારો અને કાર્યકર્તાઓએ તમામને શુભેચ્છા પાઠવી હતી.

ગૌચરની જમીન અને પૂર્ણા નદી પટમાંથી ચાલતી કથિત માટી-રેતી ચોરી સામે મેગા રેડ

## ખનન માફિયાઓ પર 'સર્જિકલ સ્ટ્રાઈક'!

**આમડપોરમાં** પ્રાંત અધિકારી અને RTO ની કાર્યવાહીમાં ૧૪ ડમ્પર અને ૬ ફોકલેન્ડ મશીન સીઝ

**૮** વીઘા જમીનમાંથી માટી ઉલેચી લેવાતા તંત્ર એક્શનમાં

**રાતોરાત** વૃક્ષોનું નિકંદન કાઢી રસ્તા બનાવનારા રેતી માફિયાઓમાં ફફડાટ

નવસારી : નવસારી જિલ્લાના આમડપોર ગામે ગૌચરની સરકારી જમીન અને પૂર્ણા નદીના પટમાંથી મોટા પાયે ચાલી રહેલી કથિત માટી અને રેતી ચોરી સામે આખરે વહીવટી તંત્રએ કડક કાર્યવાહી હાથ ધરી છે. ગ્રામજનો અને ગ્રામ પંચાયત દ્વારા વારંવાર કરવામાં આવેલી રજૂઆતો બાદ જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાણીએ સમગ્ર મામલાની ગંભીરતા ધ્યાનમાં લઈ સીધી સૂચના આપતા ઘટનાસ્થળે મેગા રેડ પાડવામાં આવી હતી. તંત્રના આ અચાનક પ્રહારે ખનન માફિયાઓમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો હતો.

પ્રાંત અધિકારી જનમ ઠાકોર તથા RTO વિભાગના સંયુક્ત નેજા હેઠળ હાથ ધરાયેલી આ કાર્યવાહીમાં આશરે 14થી 15 ડમ્પરો અને 5થી 6 ફોકલેન્ડ મશીનો જપ્ત કરવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ ગૌચરની આશરે 8થી 9 વીઘા જેટલી સરકારી જમીનમાંથી મોટા પાયે માટી ઉલેચી નાખવામાં આવી છે. જેના કારણે સરકારી સંપત્તિ ઉપરાંત પર્યાવરણને પણ ગંભીર નુકસાન પહોંચ્યું હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

સ્થાનિકોમાં ચર્ચા છે કે રેતી માફિયાઓ પૂર્ણા નદીના કિનારે પહોંચવા માટે વૃક્ષોનું નિકંદન કાઢી જેસીબી વડે રસ્તાઓ બનાવી નાખ્યા હતા. જેના કારણે નદી કિનારાના કુદરતી પર્યાવરણને ભારે નુકસાન પહોંચ્યું હોવાનું ગ્રામજનો આક્ષેપ કરી રહ્યા છે. ગૌચરની જમીનનો મુદ્દો સંકળાયેલો હોવાથી હવે વન વિભાગની કામગીરી સામે પણ પ્રશ્નાર્થ ઊભા થયા છે.

### સંડોવાયેલા મુખ્ય સૂત્રધારો સામે પોલીસ ફરિયાદ નોંધાય તેવી શક્યતા

હાલ જપ્ત કરાયેલા વાહનો અને મશીનો અંગેનો રિપોર્ટ આગળની કાર્યવાહી માટે ખાણ-ખનીજ વિભાગને સોંપવામાં આવ્યો છે. સાથે જ સમગ્ર કૌભાંડમાં સંડોવાયેલા મુખ્ય સૂત્રધારો સામે આગામી સમયમાં પોલીસ ફરિયાદ નોંધાય તેવી પણ શક્યતા વ્યક્ત થઈ રહી છે. નોંધનીય છે કે આમડપોર ગ્રામ પંચાયતના સરપંચ દ્વારા અગાઉ કલેક્ટર, મામલતદાર અને પોલીસ વિભાગને લેખિત રજૂઆતો કરી ગેરકાયદે ખનન અટકાવવા માંગ કરવામાં આવી હતી. ગ્રામજનો દ્વારા રજૂ કરાયેલા પુરાવા અને ફોટોગ્રાફ્સના આધારે આખરે તંત્રએ કડક કાર્યવાહી હાથ ધરતા સમગ્ર જિલ્લામાં આ કાર્યવાહી ભારે ચર્ચાનો વિષય બની છે.

## વ્યાજખોરોએ ચક્રવૃદ્ધિ વ્યાજ વસૂલી પ્લોટનો દસ્તાવેજ કરાવી લીધો

**મૂળ** રકમ કરતાં અઢી ગણી વધુ રકમ ચૂકવી છતાં ત્રાસ અપાતા કરવડની મહિલાની બે ઈસમો સામે ફરિયાદ

વાપી : વાપીના કરવડ વિસ્તારમાં આવેલા સાંઈધામ એપાર્ટમેન્ટમાં રહેતા પૂજાબેન નવીનભાઈ ઝાએ વ્યાજખોરોના ત્રાસથી કંટાળીને વાપી ડુંગરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પૂજાબેનના પતિ લેથ મશીનના પાર્ટ્સ બનાવવાનો વ્યવસાય કરે છે. પૈસાની જરૂરિયાત ઊભી થતાં તેમણે વિક્કીકુમારનો સંપર્ક કર્યો હતો. વિક્કીએ તેમની મુલાકાત જયેશ પંચાલ સાથે કરાવી પૂજાબેનના પતિના બેંક ખાતામાં રૂપિયા ૯૯,૮૦૦ ટ્રાન્સફર કરાવ્યા હતા. આ રકમના બદલામાં વ્યાજખોરોએ ચક્રવૃદ્ધિ વ્યાજ વસૂલવાનું શરૂ કરતા પૂજાબેને દર મહિને રૂપિયા ૧૨,૦૦૦ લેખે કુલ રૂપિયા ૧.૪૪ લાખ રોકડા ચૂકવ્યા હતા અને વિક્કીકુમારને રૂપિયા ૧.૩૧ લાખ ટ્રાન્સફર કર્યા હતા. આમ, મૂળ રકમ કરતાં અઢી ગણી વધુ રકમ ચૂકવી દીધી હોવા છતાં, વ્યાજખોરોએ વ્યાજ-મુદ્દલ સાથે વધુ રૂપિયા ૪.૫૦ લાખની પઠાણી ઉઘરાણી ચાલુ રાખી હતી. પૂજાબેને વધુ નાણાં આપવાનો ઈનકાર કરતાં જયેશ પંચાલે ડુંગરાના પ્લોટનો દસ્તાવેજ કરાવી લીધો હતો. વ્યાજમુદ્દલની માંગણી કરી ત્રાસ આપતા વ્યાજખોરો વિરૂદ્ધ ડુંગરા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

## લગ્નના માત્ર ૬ મહિનામાં જ Ph.D કરતી પરિણીતાનો આપઘાત

**બીલીમોરાના** આતલિયામાં પતિ નોકરીએ ગયા બાદ રૂમનો દરવાજો તોડતાં પંખા સાથે લટકતી લાશ મળી

બીલીમોરા : બીલીમોરાના આતલિયા રહેતી અને પીએચડીનો અભ્યાસ કરતી પરણિતાએ લગ્નના છ મહિનાની અંદર જ કોઈક અગમ્ય કારણોસર આત્મહત્યા કરી લેતા ચકચાર મચી જવા પામી છે.

બીલીમોરાના આતલીયાના બાલાજી નગરમાં રહેતા પાર્થ પટેલના લગ્ન વલસાડ જિલ્લાના ડુંગરી નજીકના રોલા ગામની નિહારિકા (27) સાથે છ મહિના પહેલા જ થયા હતા. નિહારિકા પીએચડીનો હાલ અભ્યાસ કરી રહી હતી. તા. 22/5 /20026 એ તેનો પતિ પાર્થ સવારે નવસારી તેની નોકરીએ ગયા બાદ પત્ની નિહારિકા તેના બાલાજી નગર સાસરે તેના બેડરૂમમાં ગઈ હતી. જેથી તેની સાસુ અને સસરાએ પુત્રવધુ પીએચડીનો અભ્યાસ કરતી હોય વાંચવા ગઈ હશે એવું માન્ય હતું. આ દરમિયાન નિહારિકાની માતાએ પુત્રીને ફોન કર્યો હતો પણ તેણે ઉચક્યો ન હતો. જેની જાણકારી પાર્થને આપતા પાર્થે પણ ફોન કર્યો હતો પણ તેને પણ કોઈ જવાબ ન મળતા પાર્થે તેના સાસરે વળતો ફોન કરી હકીકત જણાવી હતી. સાસુ સસરા અને સાળો તરત જ આતલીયા આવી પહોંચ્યા હતા અને તેઓએ પણ બેડરૂમનો દરવાજો ખખડાવી ખોલાવવાની કોશિશ કરી હતી પણ તે નિષ્ફળ જતાં આખરે રૂમનું બારણું તોડી નાખતા નિહારિકા રૂમના પંખા સાથે દોરડાથી ગળે ફાસો ખાધેલી હાલતમાં લટકતી મળી આવી હતી. તરત જ બીલીમોરા પોલીસને બનાવવાની જાણ કરી નિહારિકાને હોસ્પિટલમાં લઈ જવાઈ હતી. પણ ડોક્ટરે તેને મૃત જાહેર કરી હતી. આમ માત્ર લગ્નના છ મહિનાની અંદર જ પીએચડીનો અભ્યાસ કરતી નિહારિકાએ કયા કારણોસર આત્મહત્યા કરી લીધી તેનું કારણ જાણવા ડીવાયએસપી સાથે બીલીમોરા પોલીસ તપાસ કરી રહી છે.

### લુન્સીકુઈ મેદાનનો રનિંગ ટ્રેક બન્યો કાર ટ્રેનિંગ ઝોન?

- નવસારીના લુન્સીકુઈ મેદાનમાં કરોડોના ખર્ચે તૈયાર થઈ રહેલા રનિંગ ટ્રેક પર કાર ચલાવવાની પ્રેક્ટિસ થતી જોવા મળતાં રમતપ્રેમીઓમાં ભારે રોષ ફેલાયો છે. બપોરના સમયે કાર ચાલક ટ્રેક પર ગાડી દોડાવતો નજરે પડતાં સ્થાનિકોમાં ચર્ચા ઉઠી છે કે આ ટ્રેક રમતવીરો માટે બનાવાયો છે કે કાર શીખવવા માટે? ઘટનાએ મેદાનની સુરક્ષા વ્યવસ્થા સામે પણ પ્રશ્નાર્થ ઊભા કર્યા છે. મનપા કાર્યવાહી નહીં તો નવી બનાવટને નુકસાન પહોંચવાની ભીતિ છે.

## રૂમલામાં બે બાઈક અથડાતા એકનું મોત

ધેજ : ચીખલીના રૂમલા કણબીવાડ ફળીયા ખાતે રહેતા નરેન્દ્ર ઈન્દુભાઈ ભૂંસારા ઘરનો સામાન લઈને મોટર સાયકલ નં-જીજે-૨૧-ડિજી-૭૮૩૧ પર પરત ઘરે આવી રહ્યા હતા. તે વેળા રૂમલા પટેલ ફળીયા ખાતે એક સ્પ્લેન્ડર નં-જીજે-૧૪-એફ-૬૪ નો ચાલક સાહિલ પટેલે ગફલતભરી રીતે હંકારી લાવી સામેથી અકસ્માત કરતા નરેન્દ્ર ભૂંસારાને ઈજા પહોંચતા ચીખલીની હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં તબીબે મૃત જાહેર કરતા જીતેન્દ્ર ભૂંસારા (રહે. રૂમલા કણબીવાડ તા.ચીખલી) ની ફરિયાદમાં પોલીસે સ્પ્લેન્ડર મોટર સાયકલ ચાલક સાહિલ પટેલ (રહે.રૂમલા કણબીવાડ) વિરૂધ્ધ અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ ચીખલી પોલીસ મથકના પીએસઆઈ-આર. એન.વાડલે કરી રહ્યા છે.


**જમીન વેચવાની છે**

મોજે ગામ કઠોર માં બિનખેતીની SMC વિસ્તારમાં ૩૦ મીટરનાં મેઈન રોડ ટચ ૮૫૦૦ ચો.વાર ફાયનલ પ્લોટ કોમર્શીયલ જમીન સ્વાગત રેસીડેન્સીની સામે વેચવાની છે.

M. 8347476444


## સાગરામાં કરંટથી પશુપાલક અને 3 પશુના મોત

નવસારી : નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના સાગરા ગામે ખેતરની આજુબાજુ કરાયેલા વીજ કરંટવાળા તારના કારણે એક પશુપાલક અને તેના ત્રણ પશુઓના મોત નિપજતાં સમગ્ર પંથકમાં શોક અને ચકચાર ફેલાઈ ગઈ છે. ખેતરમાં ઉભેલા પાકને જંગલી ભૂંડોથી બચાવવા માટે કરવામાં આવેલી આ વ્યવસ્થા જીવલેણ સાબિત થઈ હોવાનું સામે આવ્યું છે.

માહિતી મુજબ તવડી ગામે રહેતા રાજુભાઈ ગોવિંદભાઈ પટેલે પોતાના સાગરા સ્થિત ખેતરની ફરતે તારનું ફેન્સિંગ કરી તેમાં વીજપ્રવાહ છોડ્યો હતો. ગત રોજ વહેલી સવારે છીનમ ગામના પશુપાલક વસંત નગીનભાઈ રાઠોડ પોતાની બે ભેંસ અને એક ગાયને ચરાવવા માટે લઈ જઈ રહ્યા હતા. આ દરમિયાન અજાણતા તેઓ કરંટ વહેતા તારના સંપર્કમાં આવી ગયા હતા.

ભારે કરંટ લાગતા વસંતભાઈ તથા ત્રણેય પશુઓના ઘટના સ્થળે જ મોત નિપજ્યાં હતાં. ઘટનાને પગલે સ્થાનિક લોકોમાં ભારે અરેરાટી ફેલાઈ હતી અને મોટી સંખ્યામાં ગ્રામજનો સ્થળ પર દોડી આવ્યા હતા.

બનાવ અંગે મરોલી પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સમગ્ર ઘટનાની તપાસ PI એ.એન. ગાબાણી કરી રહ્યા છે.


NIRMA UNIVERSITY
INSTITUTE OF TECHNOLOGY
NAAC ACCREDITED 'A+' GRADE

INSTITUTE OF TECHNOLOGY
Admission Announcement 2026
MTech Programmes

- Centre of Excellence Status by the Government of Gujarat
- Scholarship to all students
- Opportunity for Dual Degree Scheme - MTech plus PhD

Applications are invited for the MTech programmes in the following disciplines:
- Computer Science and Engineering
- Civil Engineering
- Electronics & Communication Engineering
- Mechanical Engineering
- Electronics & Instrumentation Engineering

LAST DATE TO APPLY 15th June, 2026

APPLY ONLINE

The details regarding eligibility, application and admission procedure are at your fingerstip :
https://admissions-mtech.nirmauni.ac.in/mtech.html
All communications be addressed to:
The Member Secretary (MTech Admission),
Institute of Technology, Nirma University, Ahmedabad.
pgadmissions.it@nirmauni.ac.in
+91-079-71652122, +91-079-71652000